ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૩૬.૦° સે.	૨૦.૦° સે.
આહવા	૩૫.૦° સે.	૧૯.૦° સે.
વલસાડ	૩૬.૦° સે.	૨૧.૦° સે.
વાપી	૩૬.૦° સે.	૨૧.૦° સે.

૪ | મંગળવાર ૧૦ નવેમ્બર, ૨૦૨૬ | ચીખલી | બીલીમોરા | વાંસદા | પારડી | ધરમપુર | ઉમરગામ | ડુંગરી | દમણ | સેલવાસ | આહવા | વઘઇ

ટ્રાફિકનું અલાયદું પોલીસ મથક શરૂ થયું ત્યારથી ટ્રાફિકના નિયમનમાં શું ફરક પડ્યો તેનું રિયાલિટી ચેક કરાયું

વાપીમાં ટ્રાફિક સમસ્યાનો ઉકેલ ‘થોડા હૈ થોડે કી જરૂરત હૈ’

પીક અવર્સમાં દરેક ચાર રસ્તાઓ પર ટ્રાફિક નિયમન માટે પુરતો પોલીસનો સ્ટાફ જરૂરી

40ના મેહકમ સામે હમણાં 20 પોલીસ જવાનથી કામ ચલાવવામાં આવી રહ્યું છે

વાપી : વાપી મહાનગર બન્યું છે. અહીં મહાનગરપાલિકા અને નોટીફાઈડ જેવા વિસ્તારમાં વાહનોના ટ્રાફિકનું ભારણ પોલીસ વિભાગ માટે નાકમાં દમ લાવી દે તેવું છે. વાપીમાં ટ્રાફિકનું અલાયદું પોલીસ મથક શરૂ થયું ત્યારથી છ-સાત મહિનામાં ટ્રાફિકના નિયમનમાં શું ફરક પડ્યો તેનું રિયાલિટી ચેક કર્યું ત્યારે હજી થોડી રાહત થઈ છે પણ હજી કેટલુંક કામ બાકી હોવાનું જાણવા મળ્યું છે. સૌથી મહત્વની વાત તો એ છે કે ટ્રાફિક પોલીસ મથકને પુરતો સ્ટાફ એલોટ થયો નથી. 40ના સ્ટાફનું મેહકમ છે, પણ હમણાં અડધા સ્ટાફ એટલે કે 20થી કામ ચલાવવામાં આવી રહ્યું છે. એક પોલીસ ઈન્સ્પેકટર હસ્તકના ટ્રાફિક માટે જ અલગ તૈયાર થયેલા



આ પોલીસ મથકમાં અકસ્માતને લગતી એફઆઈઆર પણ નોંધવામાં આવે છે. હમણાં સુધીમાં દિવાળીના દિવસ સુધી 430 એફઆઈઆર નોંધાઈ છે. જોકે હમણાં જે સ્ટાફ છે તે પૈકી છથી સાત પોલીસ જવાનોને અકસ્માત થાય કે કોઈનું અકસ્માતમાં મોત નિપજે તો પીએમથી લઈને બધી જ કાર્યવાહી કરવામાં વ્યસ્ત રહેવું પડે છે. તેથી ટ્રાફિક નિયમન માટે પોલીસનો સ્ટાફ ઓછો રસ્તાઓ પર જોવા મળે છે. હોમગાર્ડ તેમજ ટીઆરબીના જવાનોને સહયોગમાં રખાય છે પણ તેમને પુરી ટ્રેનિંગ કે સત્તા હોતી નથી. તેના કારણે ટ્રાફિક નિયમનમાં તકલીફ રહે છે. પીક અવર્સમાં હજી લોકોએ ટ્રાફિક જામનો સામનો કરવો પડે તેવી સ્થિતિ છે. વાપી શહેરની મધ્યમાંથી નેશનલ હાઈવે-48 પસાર થાય છે. ઘણીવાર હાઈવે પર ટ્રાફિક જામ થતાં તેની અસર શહેરના ટ્રાફિક ઉપર પણ પડે છે. વાપી જીઆઈડીસી ચાર રસ્તા, વાપી વૈશાલી ચાર રસ્તા, સ્ટેશન ગીતાનગર પોલીસ ચોકી પાસે, વીઆઈએ ચાર રસ્તા, ગુંજન ચાર રસ્તા, પ્રાઈમ હોટલ પાસે ચાર રસ્તા, વાપી ટાઉનના બજાર, છરવાડા રોડ અન્ડરપાસ, રેમન્ડ સર્કલ, જીએસટી ભવન ચાર રસ્તા જેવા ઘણાં સ્પોટ છે જ્યાં પીક અવર્સમાં ટ્રાફિક જામ થાય છે. ટ્રાફિક પોલીસને પુરતો સ્ટાફ તેમજ વાહનો સાથે સિગ્નલ અને સીસીટીવીની સુવિધા અપાય તો ટ્રાફિક જામથી વાહન ચાલકોને કાયમી રાહત થઈ શકે.

રાજ્યમાં બીજું ટ્રાફિક પોલીસ મથક વાપીને મળ્યું



આખા રાજ્યમાં માત્ર અમદાવાદ શહેરમાં ટ્રાફિકનું અલગ પોલીસ મથક છે. ટ્રાફિકની બ્રાંચ છે પણ એફઆઈઆર થાય તેવું પોલીસ મથક અમદાવાદમાં છે. અમદાવાદમાં ટ્રાફિક પોલીસ સ્ટેશન ‘ ’AથીN’’ સુધી 14 ટ્રાફિક પોલીસ મથક છે. રાજ્યમાં વાપી બીજું શહેર છે જ્યાં અલગ ટ્રાફિક પોલીસ મથક શરૂ કરાયું છે. જ્યાં એફઆઈઆર નોંધવા સાથે સમગ્ર શહેરમાં ક્યાંય પણ અકસ્માત થાય તો તેની બધી કાર્યવાહી આ મથક દ્વારા કરવામાં આવે છે. આમ વાપીને અલાયદું રાજ્યનું બીજું ટ્રાફિક પોલીસ મથક મળ્યું છે. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની દિર્ઘદૃષ્ટિ અને સનિષ્ટ પ્રયાસને કારણે આ શક્ય બન્યું છે. આગામી દિવસોમાં ટ્રાફિક નિયમન માટે આ પોલીસ મથક વાપીના લોકો માટે આશિર્વાદરૂપ સાબિત થશે.

આ સ્પોટ ઉપર સીસીટીવી તેમજ ટ્રાફિક સિગ્નલ જરૂરી

વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.એન.દવે સાથે ‘ગુજરાતમિત્ર’એ વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ટ્રાફિક પોલીસ મથક શરૂ થયું તેનાથી લોકોને રાહત થઈ છે. અમે ટ્રાફિકના નિયમન માટે કેટલાક સ્પોટને આઈડેન્ટિફાય કરવામાં આવ્યા છે. જ્યાં સવારે તેમજ સાંજે ટ્રાફિકનું ભારણ વધી જાય છે. જે મુખ્ય ચાર રસ્તાઓ છે. ત્યાં સીસીટીવી તેમજ સિગ્નલ લગાડવા પડશે. જેમાં પ્રાઈમ હોટલ ચાર રસ્તા, વીઆઈએ ચાર રસ્તા, જીએસટી ભવન ચાર રસ્તા જેવા ઘણાં સ્પોટ અલગ તારવવામાં આવ્યા છે. હમણાં કેટલાક સ્થાને સીસીટીવી લાગ્યા છે. પણ સિગ્નલ પણ જરૂર છે. એ થાય તો ટ્રાફિક નિયમનમાં પોલીસ વિભાગને વધુ સરળતા રહેશે.

ત્રણ પોલીસ મથકોને અકસ્માતની કાર્યવાહીથી રાહત

વાપીમાં અલગ ટ્રાફિક પોલીસ મથક બન્યું તેનાથી લોકોને હજી પૂરી રહાત મળી નથી. ટ્રાફિક નિયમન તેમજ વાપીના લોકોના સ્વભાવ પ્રમાણે ટ્રાફિકને સરળ કરવામાં હજી ટ્રાફિક પોલીસ મથકના અધિકારીઓ તેમજ કર્મચારીઓને થોડો સમય લાગશે. પરંતુ આ ટ્રાફિક પોલીસ મથક શરૂ થતા વાપીના ત્રણ પોલીસ મથક વાપી ટોઉન, જીઆઈડીસી તેમજ ડુંગરાને અકસ્માત થાય તો તેની કાર્યવાહીથી રાહત થઈ ગઈ છે. કારણ કે વાપી મહાનગરપાલિકા તેમજ નોટીફાઈડ વિસ્તારની હદ ઘરાવતા વાપી ટ્રાફિક પોલીસ મથકમાં અકસ્માતના ગુના નોંધાય છે. તેની ત્યાર બાદ કાર્યવાહી પણ આ જ પોલીસ મથકે જોવાની રહે છે.

ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં 430 FIR

વાપીમાં અલાયદું ટ્રાફિક પોલીસ સ્ટેશન આ વર્ષે 21 માર્ચે 2026માં શરૂ થયું હતું. પહેલી FIR 29 માર્ચે નોંધાઈ હતી. ત્યારથી હમણાં સુધી એટલે કે દિવાળીના 8 નવેમ્બરને રવિવાર સુધીમાં 430 FIR નોંધાઈ છે. આ FIR અકસ્માતોની છે.

દિવાળી આવી, પણ વલસાડમાં શિયાળાનો અહેસાસ ગાયબ!

રાત્રે પણ એસી ચાલુ રાખવાની નોબત, નવેમ્બરમાં પણ ગરમીનો પારો 36 ડિગ્રીને પાર

દિવસ દરમિયાન ઉનાળા જેવી ગરમીથી લોકો પરેશાન

વલસાડ : સામાન્ય રીતે દિવાળી બાદ વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થવા લાગે છે અને ધીમે ધીમે શિયાળાની શરૂઆત થાય છે. પરંતુ આ વર્ષે વલસાડમાં કુદરતનો મિજાજ કંઈક અલગ જ જોવા મળી રહ્યો છે. દિવાળી આવી ગઈ હોવા છતાં શિયાળાની ઠંડીનો અહેસાસ થતો નથી. નવેમ્બર મહિનાના બીજા સપ્તાહમાં પણ લોકોને ઉનાળા જેવી ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થિતિ એવી છે કે દિવસ દરમિયાન આકરા તાપથી લોકો પરેશાન થઈ રહ્યા છે તો રાત્રિના સમયે પણ ગરમીને કારણે પંખા અને એસી ચાલુ રાખવાની નોબત આવી રહી છે.

ભારતીય હવામાન વિભાગની આગાહી અને ઉપલબ્ધ હવામાનના આંકડા મુજબ વલસાડમાં આગામી દિવસોમાં પણ મહત્તમ તાપમાન 34 થી 37 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. 7 નવેમ્બરના રોજ વલસાડમાં મહત્તમ તાપમાન આશરે 36 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે દિવસ દરમિયાન આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેવાની સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદની પણ કોઈ ખાસ શક્યતા દેખાતી નથી.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં પણ મહત્તમ તાપમાનમાં ખાસ ઘટાડો થવાની શક્યતા નથી. એટલે દિવાળી બાદ ઠંડીની રાહ જોઈ રહેલા લોકોને હજુ ગરમીનો સામનો કરવો પડી શકે છે.

હવામાનમાં આવેલા આ બદલાવને કારણે લોકોમાં પણ ચર્ચા થઈ રહી છે. અગાઉ દિવાળી આસપાસ ગરમ કપડાં પહેરી બહાર નીકળતાં હતાં, જ્યારે આ વખતે નવેમ્બર મહિનામાં પણ ઉનાળાની અનુભૂતિ થઈ રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે ઠંડક ન અનુભવાતાં લોકો આશ્ચર્ય વ્યક્ત કરી રહ્યા છે.

PMના નામે રૂપિયા 8 હજારની દિવાળી ભેટનો મેસેજ ફેક

વોટ્સએપ પર વાયરલ લિંક ફિશિંગ ટ્રેપ હોવાની ચેતવણી



નવસારી : દિવાળીના તહેવાર દરમિયાન વડાપ્રધાનના નામે દરેક નાગરિકને રૂપિયા 8,000ની ભેટ આપવાનો દાવો કરતો મેસેજ વોટ્સએપ અને સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જોકે, ભારત સરકાર કે વડાપ્રધાન કાર્યાલય દ્વારા આવી કોઈ આર્થિક સહાય જાહેર કરવામાં આવી નથી. આ મેસેજ સંપૂર્ણપણે બનાવટી હોવાનું સાયબર એડવોકેટ ચિરાગ લાડે જણાવી નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે. તેમના જણાવ્યા મુજબ, આવી લિંક ખોલતાં સરકારી વેબસાઇટ જેવી દેખાતી નકલી સાઇટ પર આધારકાર્ડ નંબર, બેંક ખાતાની વિગતો અને મોબાઇલ નંબર જેવી માહિતી માંગવામાં આવે છે. આ વિગતોનો દુરુપયોગ કરીને નાણાકીય છેતરપિંડી થઈ શકે છે. કેટલાક કિસ્સામાં નકલી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી મોબાઈલની માહિતી અને OTP મેળવવાનો પણ પ્રયાસ થઈ શકે છે. સરકારી યોજનાઓની સહાય નિર્ધારિત પ્રક્રિયા મુજબ DBT મારફતે લાભાર્થીના ખાતામાં જમા થાય છે, વોટ્સએપ લિંકથી નહીં. તેથી કોઈપણ યોજનાની માહિતી સત્તાવાર સરકારી પોર્ટલ પરથી જ ચકાસવી જોઈએ. નાગરિકોએ અજાણી લિંક પર ક્લિક ન કરવા, OTP, PIN કે બેંકની ગુપ્ત વિગતો કોઈની સાથે શેર ન કરવા અને આવા મેસેજ અન્ય ગ્રૂપમાં ફોરવર્ડ ન કરવા સૂચના આપવામાં આવી છે. જો ભૂલથી લિંક ખૂલી જાય અથવા નાણાકીય વિગતો આપી દીધી હોય તો તાત્કાલિક બેંકનો સંપર્ક કરી જરૂરી સુરક્ષા પગલાં લેવા જોઈએ.



સાપુતારામાં સૂર્યોદયના અલૌકિક નજારાથી પ્રવાસીઓ મંત્રમુગ્ધ

સાપુતારામાં ગુલાબી ઠંડી વચ્ચે સરોવરમાં બોટિંગ અને સૂર્યોદયના અદભુત નજારાનો આનંદ માણવા પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટ્યા.

સાપુતારા : ગુજરાતના એકમાત્ર અને અત્યંત લોકપ્રિય હિલ સ્ટેશન સાપુતારા ખાતે વહેલી સવારે પ્રકૃતિનો એક અદ્ભુત અને મનમોહક નજારો જોવા મળ્યો હતો. ઉગતા સૂર્યના આગમન સાથે જ સમગ્ર આકાશ ઘેરા કેસરી અને ચમકતા સોનેરી રંગોની અદ્ભુત છટાઓથી ભરાઈ ગયું હતું, જેણે આસપાસની લીલોતરીથી આચ્છાદિત પર્વતમાળાઓને એક દિવ્ય અને નવો જ રોષનીનો સ્પર્શ આપ્યો હતો. પહાડીઓની પાછળથી ધીમે ધીમે ઉપર આવતા સૂર્યદેવના તેજોમય સ્વરૂપે સાપુતારાની પ્રાકૃતિક સુંદરતામાં ચાર ચાંદ લગાવી દીધા હતા, જેને જોઈને વહેલી સવારે સૂર્યોદય જોવા માટે એકઠા થયેલા પ્રવાસીઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

સૂર્યોદયના આ આહ્લાદક સમયે સાપુતારાના શાંત અને વિશાળ સરોવરનો નજારો ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. સરોવરના મધ્યમાં ઉગતા સૂર્યનું કેસરી પ્રતિબિંબ અને તેની સોનેરી ચમક સપાટી પર એ રીતે પથરાયેલી દેખાતી હતી જાણે આખું સરોવર સોનાથી ઝળહળી રહ્યું હોય. સવારની ગુલાબી ઠંડી અને પહાડી વાતાવરણ વચ્ચે પ્રવાસીઓએ આ મનોરમ દ્રશ્યની વચ્ચે સરોવરમાં બોટિંગ (નૌકાવિહાર) કરવાનો પણ ભરપૂર આનંદ માણ્યો હતો. સરોવરમાં તળાવ વચ્ચે બોટમાં બેસીને ઉગતા સૂર્યને નિહાળવો એ પ્રવાસીઓ માટે એક અવિસ્મરણીય અને રોમાંચક અનુભવ બની રહ્યો હતો.

સાપુતારામાં કુદરતી શાંતિ, શુદ્ધ હવા અને આવા અદ્ભુત નજારાઓનો સામૂહિક આનંદ લેવા માટે દેશ-વિદેશ અને રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. વહેલી સવારે સનરાઇઝ પોઇન્ટ તેમજ સરોવર કિનારે સૂર્યોદયની દરેક મનમોહક ક્ષણને પોતાના કેમેરા અને સ્માર્ટફોનમાં કંડારવા માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સૂર્યના આ સોનેરી આગમનથી સાપુતારાનું વાતાવરણ અત્યંત સકારાત્મક, આહ્લાદક અને તાજગીસભર બની ગયું હતું.



ચીખલી તાલુકાના મિયાઝરી ગામમાંથી દીપડો પાંજરે પુરાયો

ચેજ : ચીખલી તાલુકાના મિયાઝરી ગામેથી દીપડો પાંજરે પુરાતા સ્થાનિકોને રાહત થવા પામી હતી. વન વિભાગ દ્વારા મિયાઝરી ગામના બારી ફળિયામાં દિગ્નેશભાઈ છગનભાઇ વાઢુના ખેતરમાં મૂકવામાં આવેલા પાંજરામાં આજે મળેસ્કેના સમયે ત્રણ વર્ષીય દીપડો પાંજરે પુરાતા સ્થાનિકો મોટી સંખ્યામાં દીપડાને જોવા એકત્ર થઈ ગયા હતા. વન વિભાગ દ્વારા દીપડાનો કબજો લઈ તબીબી તપાસ બાદ સલામત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

વલસાડમાં આગની બે ઘટના, ફાયરે સમયસર કાબૂ મેળવ્યો

વલસાડ : વલસાડ શહેરમાં આગ લાગવાની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી હતી. મુલ્લાવાડીના એક એપાર્ટમેન્ટના ચોથા માળે આવેલા એક બંધ ફ્લેટમાં આગ લાગી હતી. ફ્લેટમાં લાકડાનો સામાન હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી. ફટાકડાને કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જ્યારે બીજી ઘટના હાલર વિસ્તારમાં બની હતી. અહીં કચરાના ઢગલામાં આગ લાગતાં જોતજોતામાં આગે મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. જોકે ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી આગને કાબૂમાં લીધી હતી.



ગણદેવીના સતી માતા મંદિરે કાળી ચૌદશનો મેળો ભરાયો

બીલીમોરા : દિવાળીના પર્વ સાથે જોડાયેલી વર્ષો જૂની પરંપરાને જીવંત રાખતો ગણદેવીના પ્રવેશદ્વાર પાસે સતી માતા મંદિરનો કાળી ચૌદશનો મેળો રવિવારે સાંજે યોજાયો હતો. તહેવારની ઉજવણી, ધાર્મિક આસ્થા, લોકસંસ્કૃતિ અને ખરીદીના અનોખા સંગમ સમા આ મેળામાં નવસારી, વલસાડ, ડાંગ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

સાતમી સદીથી આસ્થાનું કેન્દ્ર ગણાતા સતી માતા મંદિરે દિવાળીના દિવસોમાં દક્ષિણ ગુજરાતનો પરંપરાગત મેળો ભરાય છે. કાળી ચૌદશના દિવસે માતાજીનાં દર્શન, પૂજા-અર્ચના અને મેળાની મોજ માણવા શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. મેળામાં રંગબેરંગી રમકડાંથી માંડીને વિવિધ ચીજવસ્તુઓની ખરીદી માટે લોકોની ભીડ જામી હતી. દિવાળીની ખરીદી સાથે આ બજાર આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. બીજી તરફ ભજનમંડળો અને પરંપરાગત વાદ્યોના તાલે આદિવાસી ઘેરૈયાઓએ ઘેરૈયા લોકનૃત્યની રમઝટ બોલાવી હતી. સંગીતના તાલે ઝૂમતા ઘેરૈયાઓએ માતાજીની આરાધના કરી હતી.

ટ્રક ડ્રાઇવર પર છરીથી હુમલો કરી લૂંટ ચલાવી છ શખ્સ ફરાર

ભીલાડ હાઇવે પર દિવાળીની રાત્રે પેશાબ કરવા રોકાયેલા ડ્રાઇવર પાસે રોકડ અને મોબાઇલ પડાવી લીધા.

ઓનલાઈન પાસવર્ડ ન આપતા છરાના ઘા ઝીંક્યા.

ઉમરગામ : ભીલાડ હાઇવે પર દિવાળીના પાવન પર્વની રાત્રે એક ટ્રક ડ્રાઇવરને માર મારી, ચપ્પુથી ગંભીર રીતે ઘાયલ કરી રૂપિયા 9,000 ની લૂંટ ચલાવીને છ જેટલા અજાણ્યા શખ્સો નાસી છૂટ્યા હોવાની ઘટના સામે આવતા આ વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા ટ્રક ડ્રાઇવર હાલ સેલવાસની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, સોહિત યાદવ વડોદરાથી ભીવંડી તરફ ટ્રક લઈને જઈ રહ્યા હતા. રાત્રે લઘુશંકા માટે તેમણે પોતાની ગાડી ભીલાડ આરટીઓ પાસેના સર્વિસ રોડ પર મેલડી માતાના મંદિરની સામે ઊભી રાખી હતી. તે દરમિયાન પાંચથી છ અજાણ્યા ઇસમો ત્યાં આવી પહોંચ્યા હતા અને તેમની પાસે પૈસાની માંગણી કરી હતી. લૂંટારુઓએ ગાડીમાં રાખેલા પર્સમાંથી આશરે આઠથી નવ હજાર રૂપિયા લૂંટી લીધા હતા અને તેમનો મોબાઇલ ફોન પણ છીનવી લીધો હતો.

આટલું જ નહીં, લૂંટારુઓએ ઓનલાઈન નાણાં ટ્રાન્સફર કરવા માટે મોબાઇલ ફોનનો પાસવર્ડ માંગ્યો હતો. ડ્રાઇવરે પાસવર્ડ આપવાનો ઇનકાર કરતાં તેમની સાથે ઝપાઝપી કરી છરા જેવા અક્ષમ્ય હથિયાર વડે કપાળ, ડાબા હાથ પર તેમજ પેટના બંને બાજુના ભાગે ઘા મારીને ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આ દરમિયાન ડ્રાઇવરે બૂમાબૂમ કરતાં આસપાસના લોકો જાગી જવાની બીકે અજાણ્યા લૂંટારુઓ ત્યાંથી નાસી છૂટ્યા હતા.

આ ગંભીર બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર ડ્રાઇવરના નાના ભાઈ રોહિત નોખઈ યાદવ (રહે. ભિવંડી, અંજુર ફાટા, કામત ઘર પાસે) દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા લૂંટારુ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને આગળની સઘન તપાસ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો : +(GST)
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

LCD તથા ટીવી નવી
તથા જુની લે-વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

જુના સામાન લેવામા
આવશે. જુના AC ચાલુ કે બંધ હાલતમાં, જુના 2- વ્હીલર વાહનો, જુની ઘરઘંટી તેમજ તમામ પ્રકારનો જુનો સામાન તમારો જુનો સામાન વેચવા માટે આજે સંપર્ક કરો. Mo. 9316100413 (12683)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ગોવા, , મહાબળેશ્વર
6 દિવસ તા. 11, 17 નવેમ્બર, સારંગપુર વીરપુર, સોમનાથ, દીવ, દ્વારકા 3 દિવસ. સફેદરણ, કાળો ડુંગર, ભુજ, માંડવી, અંજાર, માતાનો મઢ દિવસ- 3 તા. 11, 15, 21 નવેમ્બર, 11 ડિસેમ્બર- અડાજણ. જયેશભટ્ટ: 9909888622 (12682)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184. (12512)

મહાદેવ ટુર
એન્ડ ટ્રાવેલ્સ. (અષ્ટવિનાયક, દગડુશેઠ), (ભીમાશંકર, ઘૃષ્ણેશ્વર, ઈલોરા), (સ્ટેચ્યુ ઓફ યુનિટી) (જગન્નાથપુરી, કાશી, બૈધનાથ) (મલ્લિકાર્જુન, રામેશ્વરમ, તિરૂપતિ) (હરિદ્વાર, વૃંદાવન, ખાટુશ્યામ) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, બગલામુખી) (દ્વારકા, સોમનાથ, વિરપુર, સાળંગપુર) (શિરડી, શનિદેવ, સપ્તશૃંગી, સાપુતારા) (શામળાજી, અંબાજી, ઉંઝા, મોઢેરા, ચોટીલા) (મહાબળેશ્વર, લોનાવલા) (સફેદરણ) (Daily Service Booking) (ગાડી ભાડે મળશે) (સ્કૂલ પીકનીક) 9998653276 (408)

WANTED નોકરી વિષયક

ડ્રાઈવર જોઈએ છે
12 કલાક, 8 કલાક માટે અલથાણ, વેસુ, પીપલોદ એરીયામાં Mo. 8511311422 જોઈએ છે

ટર્નર, ફીટર, ડ્રીલમેન, હેલ્પર, સચીન એરીયા માટે Mo. 9925144406 (12684)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.